અપીલ અરજી નં.૨૩૦ તા.૨૭–૧૦–૦૯/૧૦

અરજદાર:– શ્રી અનસારી મોહંમદ શફી નસીમ અહમદ

સામાવાળા:–ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)

***ફરીયાદની હકીકત:–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનસારી મોહંમદ શફી નસીમ અહમદની તા.૧૪–૯–૦૯ નીઅરજીથી મેઈન્ટેનન્સ આસી.(ઈલે) ની જગ્યાના તમામ ઉમેદવારોના કવોલીફાઈડ લાયકાત ડિપ્લોમા ડિગ્રીમાં મેળવેલ ટકાવારી તેમજ તમામના નામ અને સરનામાની યાદીની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૭–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૩૦/૨૦૦૯–૧૦

શ્રી અનસારી મોહંમદ શફી નસીમ અહમદની તા.૧૪–૯–૦૯ નીઅરજીથી મેઈન્ટેનન્સ આસી.(ઈલે) ની જગ્યાના તમામ ઉમેદવારોના કવોલીફાઈડ લાયકાત ડિપ્લોમા ડિગ્રીમાં મેળવેલ ટકાવારી તેમજ તમામના નામ અને સરનામાની યાદીની માહિતી આપવા બાબતે પર્સોનલ ઓફિસર (મહેકમ) અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૬૪૦ તા.૧૩/૧૦/૦૯ થી મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૩૧ તા.૪–૧૧–૦૯ થી ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તા.૧૦–૧૧–૦૯ ના રોજ રૂબરૂ માં પૂરક માહિતીમાં મુળ અરજી તથા તબદીલ અરજીના પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની આઈડી નં.૬૮૯ તા.૧૪–૯–૦૯ ની મુળ અરજીથી મેઈન્ટેનન્સ આસી. ઈલે.ની (૧)ભરતી પ્રક્રિયાના નિયમો (૨) કેટલી જગ્યા અનામત છે અને એમાંથી કેટલા ઉમેદવારોની પસંદગી કરી. (૩) રીર્ટન ટેસ્ટના તમામ ઉમેદવારોના માર્કસની યાદી. (૪) મૌખિક ઈન્ટરવ્યુ માટે દરેક પસંદગીકારોએ દરેક ઉમેદવારને આપેલ ગુણની યાદી અને તેના આધારે સરેરાશ ગુણ નકકી કરેલ હોય તેની યાદી. (૫) આ તમામ ઉમેદવારોના કવોલી ફાઈડ લાયકાત ડીપ્લોમાં ડીગ્રીમાં મેળવેલ ટકાવારી (૬) તમામ ઉમેદવારોના નામ અને સરનામાની યાદી (૭) લેખિત પરીક્ષામાં પેપર સેટર કોણ હતું પરિક્ષક કોણ હતું એમની નિમણૂંક ધોરણ શું છે એ નિમણૂંક કોણે કરેલી. (૮) વેઈટીંગ લીસ્ટ કેટલાનું બનાવવામાં આવેલ છે અને એ નિયમો શું છે. (૯) મેઈન્ટેનન્સ આસી. ની થયેલી ભરતી અંગેના નિયમો. આમ મુદ્દા નં.૧ થી ૯ ની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારને નં.જીએડી/ઈએસટી/આર/૬૦૯ તા.૬–૧૦–૦૯ થી ઉમેદવારોની સમંતિ માંગતા પત્રની નકલ રજૂ કરેલ છે.જયારે જાહેર માહિતી અધિકારી પક્ષે અરજદારનેનં.જીએડી/ઈએસટી/આર/૬૪૦ તા.૧૩–૧૦–૦૯ થી પાઠવેલ પત્રની નકલ રજૂ કરેલ છે. જે મુજબ મુદ્દા નં.૫ અને ૬ ત્રાહિત પક્ષકારની હોય કલમ–૧૧ અન્વયે સંમતિ મેળવવાની રહે છે. મળેલ સંમતિ અનુસાર ઉર નકલ માટે પ્રતિ નકલ રૂા.૨/– લેખે કુલે રૂા.૬૪/– ભરી તે મેળવવા જણાવેલ. જેની સાથે અરજદારને મેરીટ લીસ્ટની ૬૬ ઉમેદવારોની યાદી આપ્યાની નકલ પણ રજૂ કરેલ છે.

અરજદારે તા.૨૭–૧૦–૦૯ ના રોજ અપીલ અરજી કરી રીટર્ન ટેસ્ટમાંના (૧) તમામ ઉમેદવારોના માર્કસની યાદી આપવામાં આવી નથી. (૨) મૌખિક ઈન્ટરવ્યુ માટે દેરક પસંદગીકારોએ આપેલ ગુણની યાદી આપવામાં આવેલ નથી. (૩) મૌખિક ઈન્ટરવ્યુ માટે પસંદ થયેલા તમામ ઉમેદવારના કવોલી ફાઈડ લાયકાત ડીપ્લોમાં મેળવેલ ટકાવારી, જેમાં ૬૬ ઉમેદવારોમાંથી ફકત ૧૦ ઉમેદવારોની માહિત આપેલ છે. (૪) તમામ ઉમેદવારોના રીટર્ન ટેસ્ટમાંથી ૧૦૦ માંથી મેળવેલ ગુણ. (૫) તમામ ઉમેદવારોના પસંદગીકારોએ ૨૦ માંથી આપેલ ગુણ. (૬) તમામ ઉમેદવારોના ડીપ્લોમાં અને ડીગ્રીના ગુણ અલગ અલગ આપવાની અપીલ તકકે માંગણી કરેલ છે. જે અરજદારે મુળ અરજીના મુદ્દા નં.૩ થી ૫ ની માહિતી અંગે રજૂઆત કરેલ છે. જે બાબતે તા.૧૧–૧૧–૦૯ ના રોજ ૪.૦૦ કલાકે સુનાવણી અંગે અત્રેથી નં.આરટીઆઈ સેલ/૮૪૩ તા.૫–૧૧–૦૯ ના રોજ બંને પક્ષકારોને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર હાજર રહેલા અને ૬૬ ઉમેદવારોના ડીપ્લોમા /ડીગ્રીના માર્કસ, પસંદગીકારોએ આપેલ વ્યકિતગત માર્કસ અને રીટર્ન ટેસ્ટના માર્કસની માંગણી કરી જેની તુલનાત્મક માહિતી જોઈએ છે જેથી પસંદગીયાદીની યથાર્થતા અને ખરાઈ કરી શકાય. તેવી રજૂઆત કરવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી ઈ.ચા.પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટ હાજર રહી તમામ ૬૬ ઉમેદવારોના સરેરાશ ગુણનું લીસ્ટ અરજદારને આપેલ છે. તેમજ અરજદારે તેમના રીટર્ન પેપરની તપાસણી કરેલ છે અને જેનાથી તેમણે સંતોષ વ્યકત કરેલ છે તેવું જણાવેલ.

આમ અરજદારની તકરાર ૬૬ ઉમેદવારોએ પ્રાપ્ત લેખિત પરીક્ષા, ડીપ્લોમાં પરીક્ષા તથા મૌખિક કસોટીના ગુણ મેળવવાની જણાય છે. આરટીઆઈ કાયદાની આમુખથી ચરિતાર્થ થયેલ પારદર્શીતા અને જવાબદારીને ઉત્તેજન આપવાનો હેતુ તથા લોકશાહી તંત્રમાં સુમાહિતગાર નાગરિકો હોવાનું અનિવાર્ય હોવાથી નિર્દિષ્ટ થયેલ ભાવનાને અનુલક્ષી આ પ્રકારની દફતરી ઉપલબ્ધ માહિતી કલમ–૮ ના અપવાદથી પ્રતિબંધિત ન હોય ત્યાં સુધી જાહેર કરવા પાત્ર થાય. અરજદારે આગ્રહ રાખેલ પેપરસેટર અને પરીક્ષકની તથા મૌખિક કસોટીમાં આપેલ વ્યકિતગત માર્કસની માહિતી

અરજદારની માંગણી કાયદાની કલમ–૮(૧)(જ) હેઠળ વ્યકિતની જીંદગી આપવા શારીરીક સલામતી જોખમમાં મુકે આપવા કાયદાની અમલ બજવણી માટે અથવા સુરક્ષા હેતુ સહ ખાનગી રાહે આપેલ માહિતી અથવા મદદનો સ્ત્રોત ઓળખી બતાવે તેવી માહિતી જાહેર કરવાનું અપવાદ સાથે સુસંગત નથી. આરટીઆઈ એકટના આમુખથી એ બાબત પણ ચરિતાર્થ કરવામાં આવે છે કે વાસ્તવમાં માહિતી જાહેર કરવાથી સરકારના કાર્યક્ષમ સંચાલન સહિત જાહેર હિત તથા મર્યાદિત નાણાંકીય સંશાધનોના મહત્તમ ઉપયોગ અને સંવેદનશીલ માહિતીની ગોપનીયતા જાળવવામાં સંઘર્ષ ઉત્પન્ન થઈ શકે અને તેથી આ વિસંવાદિત હિતોનું સંતુલન જાળવી અમુક માહિતી પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૩,૪ અને ૫ પૈકી રીટર્ન ટેસ્ટની તમામ ઉમેદવારના માર્કસની યાદી, મૌખિક ઈન્ટરવ્યુંમાં તમામ ઉમેદવારોને પસંદગીકારોએ આપેલ ગુણની માત્ર સરેરાશની યાદી તથા તમામ ઉમેદવારોની કવોલીફાઈડ લાયકાત ડીપ્લોમાં ડીગ્રીમાં મેળવેલ ટકાવારીની યાદી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે. જેથી તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧ – ૦૯

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી.રીકૃટમેન્ટ.... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અનસારી મોહંમદ શફી નસીમ અહમદ